# Shri Govind Guru University

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી

(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૪/૮-૬૮૭   તા.૧૭/૦૧/૨૦૨૪

પરિપત્ર-૩૨૬૭

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ., એમ.એડ., એમ.એસ.ડબ્લ્યુ, એમ.આર.એસ. તથા એલએલ.એમ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, આપની કોલેજમાં નીચે દર્શાવેલ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના (ન્યુ અને ઓલ્ડ કોર્સ) રેગ્યુલર અને પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જણાવવામાં આવે છે. (રજી. પોસ્ટ/સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી)

| Sr. | Examination | Semester | Fees | | | | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fees | Practical Fees | Form Fees | Total Fees | |
| 1. | B.Ed. | 4 | 240 | 275 | 25 | 540 | 1/2/2024 |
| 2. | M.Ed. | 4 | 570 | 550 | 25 | 1145 | 1/2/2024 |
| 3. | M.S.W. | 4 | 570 | 550 | 25 | 1145 | 1/2/2024 |
| 4. | M.R.S | 4 | 1100 | 550 | 25 | 1675 | 1/2/2024 |
| 5. | LL.M. | 4 | 570 | 0 | 25 | 595 | 1/2/2024 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) <u>સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે.</u> (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)

(૩) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ લઈ તમામ વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૪) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૫) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૬) આચાર્યશ્રી/કો-ઓર્ડીનેટરશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ

થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૮/૨/૨૦૨૪ સુધીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) **(પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી).** જે કોલેજ દ્વારા ઉપરોક્ત તારીખે પરીક્ષા આવેદન પત્રો જમા કરાવવામાં આવશે નહી તેઓને પ્રતિ દિવસ લેખે યુનિવર્સિટી દ્વારા નિયત દંડ ભરવાનો થશે જેની ખાસ નોંધ લેવી.

| રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની તારીખ | રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ | રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ |
|---|---|---|---|
| રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/- તા.૨/૨/૨૦૨૪ | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.3/૨/૨૦૨૪ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.૫/૨/૨૦૨૪ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.૬/૨/૨૦૨૪ |

(૭) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ અને ફી મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રોના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૮) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

- ABC ID વિના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે નહી.
- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.
- બી.એડ. અભ્યાસક્રમમાં પ્રાયોગિક પરીક્ષા ફી કોલેજે વિદ્યાર્થી પાસેથી લઈ પોતાની પાસે રાખવાની રહેશે. આ ફી યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની નથી.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વીંઝોલ, ગોધરા, ગુજરાત

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન બી.એડ., એમ.એડ., એમ.એસ.ડબ્લ્યુ, એમ.આર.એસ. તથા એલએલ.એમ. અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂં.